# માણસજાતનાં મૂળ અને આંબો

**વર્ષા અડાલજા**

Roots, વિશ્વસાહિત્યની ઉત્તમ કૃતિઓમાં જેની ગણના થાય છે તેના લેખક એલેક્સ હાલે આફ્રોઅમેરિકન લેખક હતા. યુએસ કોસ્ટગાર્ડ તરીકેની સામાન્ય નોકરીમાં વીસ વર્ષ દરિયા પરના કંટાળાભર્યા એકલવાયા જીવનનાં મારણ તરીકે ટાઇપરાઇટર પર નાના લેખ લખતાં તેમણે Roots જેવી અમર કૃતિનું સર્જન કર્યું.

કથાની પણ એક અત્યંત રસપ્રદ કથા છે.

માતા સિન્થીયા. પિતા વિલિયમની લાકડાંની વખાર. દાદીમા ઉનાળાના લાંબા, ગરમીના દિવસોમાં નજીકની કુટુંબની સ્ત્રીઓને ઘરે આમંત્રતા અને રાત્રે વાળુ પછી પોર્ચમાં બેસી જૂના દિવસોની સ્મરણોની ઉજાણી કરતા. નાનો એલેક્સ રમતાં રમતાં વાતો સાંભળતો. વર્ષો પછી એને સમજાયું આ વાતોમાં તેની પેઢી દર પેઢીનો કૌટુંબિક ઇતિહાસ, તેની લુપ્ત થયેલી ભાષા, તેનું વતન, તેનો દેશ ગૂંથાયો છે.

મોટો થતાં થતાં તેને યાદ રહી ગયું કે તેનાં કુટુંબીઓ વારંવાર એક આફ્રિકનની વાત કરતાં – Kin tay –. વર્ષો પૂર્વે ''બ્રિટિશ સોલ્જર્સ'' આવ્યા ત્યારે ઢોલ બનાવવા, લાકડું કાપવા ગયેલા આફ્રિકનને પકડીને સ્ટીમરમાં લઈ ગયા. 'માસા' (માસ્ટર !) જ્હૉનના કબજામાંથી જ્યારે ચોથી વાર ભાગી છૂટવાની કોશિશ કરી ત્યારે સજા રૂપે એક પગ કાપી નંખાયો. જ્હૉનના ભાઈએ તેને દયાભાવે ખરીદી લીધો. એ લંગડાતે પગલે નાનાં નાનાં કામ કર્યા કરતો.

ગુલામોને વળી લગ્ન કેવાં ? તેણે ગુલામ સ્ત્રી સાથે ઘર માંડ્યું, તેને બાળકી થઈ કીઝી. એ નાની હતી ત્યારે એનો આફ્રિકન ગુલામ પિતા આંગળી ચીંધી, પોતાની માતૃભાષામાં તેની ઓળખાણ પાડતો; દા.ત. ગિટાર બતાવી કહેતો Ko, નદી બતાવી કહેતો Kamby Bolongo. કીઝી મોટી થતી ગઈ એમ તેને પોતાના વતનની, તેના લોકોની તેમને કઈ રીતે મૂળમાંથી ખેંચી ઉખેડી, ગુલામ બનાવી અમેરિકા લઈ આવ્યા તેની પાસે કરતો.

કીઝી સોળ વરસની થતામાં, બીજા ગુલામ સંતાનોની જેમ એને વેચી દેવાઈ. એના માલિકથી તેને પુત્ર થયો. કીઝી પોતાના પિતાની જેમ તેમના વતનની, સ્વજનોની Sounds and Stories કહેતી હતી. તેનો પુત્ર જ્યૉર્જ મોટો થતાં, તેને બાળકો થયાં, પેઢી દર પેઢી મૌખિક પરંપરામાં ઇતિહાસ, સંસ્કૃતિ અને ભાષાનો વારસો સચવાતો આવ્યો.

સાતમી પેઢીનું સંતાન તે એલેક્સ. સત્તરમે વર્ષે યુએસ કોસ્ટગાર્ડના જહાજમાં

સામાન્ય નોકરી કરતાં વીસ વર્ષ વીત્યાં. કંટાળાભર્યા એકલતાના દિવસોમાં સમય પસાર કરવા એણે નાના નાના લેખ લખવા શરૂ કર્યા. ૧૯૫૯માં ૩૭મા વર્ષે નોકરી છોડી તેણે પત્રકાર તરીકે કારકિર્દી શરૂ કરી.

એક વાર બ્રિટિશ મ્યુઝિયમમાં તેણે પ્રખ્યાત Rosetta stone જોયો, જેમાં ત્રણ ભાષામાં લખાણ કોતરાયેલું હતું. ગ્રીક, એક અપરિચિત લિપિ અને ત્રીજી પ્રાચીન ચિત્રલિપિ. એમ કહેવાતું કે આ ત્રીજી લિપિ કોઈ પણ ઉકેલવા સમર્થ નથી પણ એક ફ્રેન્ચ સ્કોલરે તે ઉકેલી અને કહ્યું એમાં માનવજાતિનો પ્રાચીનતમ ઇતિહાસ આલેખાયો છે. રહસ્યમય ભૂતકાળના દરવાજા ખોલતી ચાવી જેવા ઉકેલથી એલેક્સને અદમ્ય કુતૂહલ થયું. આવી જ કોઈ ચાવી હશે જે વડે દાદીમાએ કહેલી વાતોનો અર્થભર્યો ઉકેલ મળે ! દાદીમાના પોર્ચમાં મોડી રાત સુધી સાંભળેલી Oral History હશે ! આફ્રિકન, Kin tay, Ko વગેરે શબ્દો મારા આફ્રિકન પૂર્વજના હશે ! એમાં મારા પૂર્વજોનો ગુલામીનો ઇતિહાસ છુપાયો હશે.

આ વિચારોએ એલેક્સનો એક વળગાડની જેમ એવો કબજો લીધો કે એક લાંબી સફરનો આરંભ થયો, પૂરાં બાર વર્ષ એણે અસંખ્ય લાઇબ્રેરીઓ, સંગ્રહસ્થાનો – મ્યુઝિયમમાં દિવસોના દિવસો ગાળ્યા. લાઇબ્રેરીમાં બ્લૅક એટેનડન્ટ આફ્રિકા શબ્દ સાંભળતાં જ ઉત્સાહથી ડોક્યુમેન્ટ્સ, પુસ્તકો, નકશાના ઢગલા કરી દેતા. ઘાસના ઢગલામાંથી સોય નહીં, રાઈનો દાણો શોધવાનો હતો. ભૂંસાયેલી અત્યંત પ્રાચીન ભાષાના ઉચ્ચારો, એની લઢણ જે મૌખિક હતું તેના જાણકાર રડ્યુંખડ્યું હોય તેને શોધવું કેમ ? વર્ષો સુધી અનેક બંદરોએથી, અસંખ્ય સ્લેવશિપમાંથી એના પૂર્વજને ગુલામ પકડી જનાર શિપ કયું હશે ? ક્યાં નાંગર્યું હશે !

તેનાં દાદીમા કહેતાં તે વાક્ય તેના મનમાં કોતરાઈ ગયું હતું, આપણા પૂર્વજો ઉપરથી આપણને જોઈ રહ્યા છે. અને તેને બળ મળતું, એ રીતસર મંડી પડતો. પાગલપણાની ધૂન એક પછી એક સદીઓથી ભીડેલા દરવાજા ખોલતી ગઈ. દુનિયાથી ઓઝલ, અલિપ્ત આફ્રિકાનાં ઘોર જંગલમાં ઊંડે ઊંડે વસતી પ્રજાની ભાષાના નિષ્ણાતને શી રીતે શોધવો ? બધેથી નનૈયો. એની પાસે સિલકમાં હતા થોડા શબ્દો. એક વાર તો યુનાઇટેડ નેશન્સની મિટિંગ પૂરી થવા ટાણે દરવાજે ઊભા રહી જે બ્લૅકમેન જુએ તેની સામે મોટેથી બોલે, Kin-tay...

માહિતી મળી જંગલમાં ઊંડે ઊંડે હજી એવી નાની નાની વસ્તીઓ છે જ્યાં griot (મૌખિક પરંપરામાં ઇતિહાસ જાણનાર, કબીલાની પેઢીઓની પેઢીનાં નામઠામ જાણનાર, કહેનાર), તેની સાથે વાત કરનાર દુભાષિયાની શોધ કરે છે, એક ટીમ લઈ એલેક્સ, ઘનઘોર જંગલમાં આજ સુધી કોઈ ગયું નથી ત્યાં પહોંચે છે. griot કથા માંડે છે ગામની, કબીલાની; તેમાં વાત આવે છે kin tayની જે ઢોલનું લાકડું લેવા જંગલમાં ગયો ને તેને પરાણે ઊંચકી ગયા દરિયાની પેલે પાર...

એલેક્સ ઊછળી પડે છે તે શિપિંગ કંપનીઓના હજારો ડોક્યુમેન્ટ્સના – ૧૭૫૭ની આસપાસના – કાર્ટન્સનાં કાર્ટન્સ આંખો ફોડીને વાંચે છે. આ અરસામાં કેટલાં સ્લેવશિપ ઊપડ્યાં, ક્યાંથી ક્યાં ગયા, પૅસેન્જરોનાં લિસ્ટ – પૅસેન્જરો શાનાં – human cargoની યાદીઓ એની વિગતો વાંચ્યા જ કરે છે. આ ડોક્યુમેન્ટ્સને કોઈએ કદી હાથ પણ નહોતો લગાડ્યો !

અને એક ચમત્કાર ! 'Lord Ligonier' શિપ પર, ગાંભિયા નદી પાસેથી – Kamby Bolongo – પકડેલા ગુલામોમાં છે. નામ છે Kin tay. જે બંદર પર એ શિપ નાંગર્યું હતું ત્યાં બેસી ૧૨ વર્ષમાં પહેલી વાર હૈયાફાટ રુદન કરે છે, માત્ર તેના પૂર્વજ માટે નહીં પણ એવા સમગ્ર મનુષ્યો માટે ગુલામો તરીકે અત્યાચાર સહન કર્યા હતા.

એલેક્સ પોતે શિપના ભંડકિયામાં મુસાફરી કરે છે પાટિયાં સાથે જકડાઈને...

અને સાતસો પૃષ્ઠમાં પથરાયેલી વેદનાના વીતકની આ કથા Roots લખવા બાર બાર સુધી હજારો કિ.મી. મુસાફરી, અસંખ્ય ડોક્યુમેન્ટ્સ, પુસ્તકો-અખબારો વાંચે છે, શોધે છે, તેને વિશ્વાસ હતો એ સફળ થશે જ, કારણ કે તેઓ ઉપરથી જુએ છે.

બાર વર્ષ સુધીની રિસર્ચનો તમામ ખર્ચ રીડર્સ ડાયજેસ્ટે આપેલો, પ્રથમ પ્રકાશનની શરતે. અનેક ભૂંસાયેલી ભાષાઓ, વિસરાયેલી જાતિઓ, કબીલાઓ, ડૂબી ગયેલાં ગામોને પ્રતીક્ષા છે એક એલેક્સની.